# વાલી સંમેલન અહેવાલ



અમારી શ્રી ..................... પ્રાથમિક શાળામાં ૧૫મી ઓગસ્ટ 2024 નિમિત્તે હર ઘર તિરંગા કાર્યક્રમની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું

આ કાર્યક્રમની શરૂઆત સૌ પ્રથમ દર વર્ષની જેમ ૧૫મી ઓગસ્ટ 2024 સ્વાતંત્ર દિન નિમિત્તે શાળાના બાળકો અને તમામ સ્ટાફ સમયસર હાજર રહી એક પ્રભાત ફેરીનું આયોજન કરવામાં આવ્યું. જેમાં બાળકોએ દેશભક્તિ ગીત અને નારાઓ અને રાષ્ટ્રધ્વજ સાથે ગામમાં પ્રભાત ફેરી કાઢી. પ્રભાત ફેરી પૂર્ણ કરી સમયસર શાળા ના મેદાનમાં ધ્વજવંદન કાર્યક્રમની ઉજવણી માટે બધા એકઠા થયા. આમંત્રિત મહેમાનો ગામજનો બાળકો સાથે રાષ્ટ્રગીતોનું ગાન કરી આમંત્રિત મહેમાનના હાથે ધ્વજ ફરકાવવામાં આવ્યો. ધ્વજ વંદન કાર્યક્રમ પછી શાળાના બાળકો દ્વારા પ્રાસંગિક વક્તવ્ય રજૂ કરવામાં આવ્યું. સ્વાતંત્ર દિનના પ્રાસંગિક વક્તવ્ય સાંભળ્યા બાદ શાળાના બાળકો દ્વારા સરસ મજાનો સાંસ્કૃતિક કાર્યક્રમ તૈયાર કરવામાં આવ્યો હતો જે રજૂ કરવામાં આવ્યો. સાંસ્કૃતિક કાર્યક્રમ પૂર્ણ થતા ગામના અગ્રણી દ્વારા બાળકોને પ્રોત્સાહન રૂપે ઇનામ આપવામાં આવ્યું.

બાળકોના સાંસ્કૃતિક કાર્યક્રમ પૂર્ણ થયા બાદ હર ઘર તિરંગા કાર્યક્રમની ઉજવણીના ભાગ રૂપે ગામના તમામ વાલી અને એસએમસીના સભ્યોનું એક વાલી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું. જેમાં શાળાના આચાર્ય તથા તમામ સ્ટાફ હાજર રહી શાળાની ભૌતિક જરૂરિયાતો વિશે ચર્ચા કરવામાં આવી. સાથે સાથે વાલીઓને વિનંતી કરવામાં આવી કે બાળકો નિયમિત શાળાએ આવે વાલીઓ પણ બાળકોના અભ્યાસ વિશે જાગૃત બની થોડો થોડો સમય ફાળવે શાળા તથા શાળાના સ્ટાફને વાલીઓ દ્વારા પૂરતો સહકાર મળી રહે તેવી વિનંતી કરવામાં આવી તથા વાલીઓ વ્યસનથી મુક્ત રહે તેવી સમજ આપવામાં આવી. સરકાર દ્વારા તાજેતરમાં સક્ષમ શાળા અંતર્ગત જે કઈ પ્રવૃત્તિ થનાર છે , શાળાની સુવિધા અને તેનું નિરિક્ષણ તેમજ શાળામાં ઘટતી સુવિધાની પૂર્તિ કરવા માટે શાળા દ્વારા કરવાના પ્રયત્નો અને વાલીઓની તેમાં ભાગીદારી અંગે વિગતે ચર્ચા કરવામાં આવી .

આમ આજના સવાતંત્ર દિન ની ઉજવણી સાથે વાલી સંમેલન નું આયોજન કરેલ જે બાળકો અને વાલીઓએ સારો એવો રસ દાખવ્યો અને બાળકો સાથે તિથી ભોજન કરી આ કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો .

